પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ:- 01 તા.12-04-2021

## ડૉ.બાબા સાહેબ આંબેડકરજી ના જન્મ દિવસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રવાદ અને સામાજિક દ્રષ્ટીકોણ વિષય પર પ્રદેશ ભાજપા ``બુદ્ધીજીવી સંમેલન`` ની વર્ચુયલ બેઠક યોજાઈ.

---------

## ૧૪ એપ્રિલ ૨૦૨૧ ના રોજ જીલ્લા / મહાનગર અ.જા. મોરચા ના બેનર હેઠળ સેવા વસ્તીમાં કોરોના રસીકરણ કેમ્પ નું આયોજન કરવા અને તે દિવસે ૫૧૦૦૦ લાભાર્થીઓ કોરોના ની રસી મુકાવી "વર્લ્ડ રેકોર્ડ" બનાવવાનો સંકલ્પ લીધો, તે સાથે પ્રત્યેક જીલ્લા / મહાનગર દીઠ ૧૫૦૦ લાભાર્થીઓ રસી મુકાવે તેવું આયોજન કરવામાં આવેલ છે.

---------

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત પ્રદેશ ભાજપા અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. પ્રધુમન વાજાની આગેવાનીમાં રાષ્ટ્રીય અનુસુચિત જાતિ મોરચા અને ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ના માર્ગદર્શન હેઠળ તા.૯ અને ૧૧ એપ્રિલ દરમ્યાન વર્ચુયલ બેઠકના માધ્યમથી રાજ્યના તમામ કાર્યકર્તાઓ સાથે સંવાદ કાર્યક્રમ થયો, જેમાં ડૉ.બાબા સાહેબ આંબેડકરજી નો રાષ્ટ્રવાદ અને તેમનો સામાજિક દ્રષ્ટીકોણ વિષય પર ``બુદ્ધીજીવી સંમેલન`` ની વર્ચુયલ બેઠક ગુજરાત પ્રદેશના તમામ સમાવિષ્ટ જીલ્લાઓ અને મહાનગરોના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ સાથે યોજવામાં આવી, તે સાથે તા.૧૩ એપ્રિલ ૨૦૨૧ ના રોજ સમય સાંજે ૦૭:૦૦ કલાકે ડૉ.બાબા સાહેબ આંબેડકરજી ના જન્મજયંતિની પૂર્વ સંધ્યાએ ``ભીમ જ્યોત કાર્યક્રમ`` અંતર્ગત ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાના સ્થળે દીપ પ્રજ્વલ્લિત કરવામાં આવશે તેમજ અને તા.૧૧ એપ્રિલ જ્યોતિબા ફૂલેજીની જન્મજયંતિ થી લઇ તા.૧૪ એપ્રિલ સુધી જીલ્લા/મહાનગર મોરચાના બેનર સાથે સેવા વસ્તીમાં ``ટીકા ઉત્સવ`` (રસીકરણ અભિયાન) અંતર્ગત કોરોના રસીકરણ કેમ્પોનું આયોજન કરવામાં આવશે, તે દિવસે ૫૧૦૦૦ લાભાર્થીઓ કોરોના ની રસી મુકાવી "વર્લ્ડ રેકોર્ડ" બનાવવાનો સંકલ્પ લીધો, તે સાથે પ્રત્યેક જીલ્લા / મહાનગર દીઠ ૧૫૦૦ લાભાર્થીઓ રસી મુકાવે તેવું

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આયોજન કરવામાં આવેલ છે. સાથે આ સમગ્ર કાર્યક્રમ માં ગુજરાત રાજ્ય ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાના કાર્યકર્તા પણ સહભાગી બનશે.

આ બેઠક માં વક્તા તરીકે શ્રી શંભુનાથજી ટુંડિયા (રાષ્ટ્રીય મહામંત્રીશ્રી, અનુસુચિત જાતી મોરચો, ભાજપ) , શ્રી ડૉ.વિજયભાઈ ઝાલા (ગુજરાત પ્રાંત મંત્રી શ્રી, સામાજિક સમરસતા મંચ), શ્રી કિશોરભાઈ મકવાણા (પ્રદેશ ભાજપા, સહ-પ્રવક્તા) સહીત ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ જોડાયા.

ડૉ. યજ્ઞેશ દવે
પ્રદેશ મીડિયા કન્વીનર